"સુજલામ સુફલામ જળ અભિયાન વર્ષ-૨૦૨૧" અંતર્ગત કામો કરવા બાબત.

ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

ઠરાવ ક્રમાંક :- પરચ/૨૦૧૯/૨૧૪૪/એમ.આઈ.સેલ

તા.૦૮/૦૩/૨૦૨૧

આમુખ :-

રાજ્યના સબંધિત વિભાગો દ્વારા જળસંચયની કામગીરી અંતર્ગત વિવિધ કામો હાથ ધરવામા આવે છે. વર્ષ ૨૦૧૮, ૨૦૧૯ તથા ૨૦૨૦ દરમ્યાન ચોમાસા પહેલાં રાજ્યમાં જળ સંગ્રહનો વ્યાપ વધે તે મુજબના કામો લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ સુફલામ જળ અભિયાન" કરવામાં આવેલ.

"સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ મુખ્યત્વે જળસંગ્રહનાં કામો જેવા કે તળાવો ઊંડા કરવા; હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ તથા રીપેરીંગ; હયાત જળાશયોનુ ડીસીલ્ટીંગ; તળાવોના પાળા અને વેસ્ટ વિયરનું મજબૂતીકરણ; હયાત નહેરોની સાફસફાઇ, મરામત તથા જાળવણી; નદી, વોંકળા, કાંસ, ગટરની સાફસફાઇ; નદી પુન:જીવિત કરવી વગેરે જેવા પરંપરાગત જળ સ્ત્રોતોના નવિનીકરણના કામો તથા નવા તળાવો, નવા ચેકડેમો બનાવવા; વન તલાવડી; ખેત તલાવડી; માટીપાળા, ગેબીયન, કન્ટુર ટ્રેન્ચ; રેઇન વોટર હાર્વેસ્ટીંગ; પીવાના પાણીના સ્ત્રોત, ટાંકી, સંપ, ઇન્ટેક સ્ટ્રક્ચર, WTP/ STP ની તથા આસપાસની સફાઇ; પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ વગેરે જેવા કામો હાથ ધરવામાં આવે છે. સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત થયેલ કામો અને સારા વરસાદના લીધે રાજ્યભરમાં મોટા પ્રમાણમાં જળસંગ્રહ થયેલ. જેનાથી ભુગર્ભ જળ પણ ઉંચા આવેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" ના ફળસ્વરૂપ જળસંચયનો વ્યાપ જોતા ચાલુ વર્ષે પણ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત દરેક જીલ્લામાં તા.૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૦૫/૨૦૨૧ દરમ્યાન જળસંચયના કામો હાથ ધરવાનું આયોજન છે. જેમાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવા ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

(૧) (અ) રાજ્યના તમામ જિલ્લાઓમાં જળ સંચયના કામો હાથ ધરવાના રહેશે.

(બ) રાજ્ય સરકારના જળ સંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગ્રામ વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ વગેરે ઉપરાંત અન્ય લગત વિભાગો/ નિગમો દ્વારા આ અભિયાન અંતર્ગત જળ સંચય તથા જળ બચાવને લગત કામો આ પરિપત્રની જોગવાઇઓને અનુરૂપ કાર્યપધ્ધતિ મુજબ હાથ ધરવાના રહેશે.

(૨) આ અભિયાનની કામગીરીમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરોની મરામત/જાળવણી/સફાઇ, કાંસની સફાઇ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, કન્ટુર ટ્રેન્ચ, ગેબીયન, ચેકવોલ, ટેરેસ/ વનતળાવ, પીવાના પાણીના સ્ત્રોત/ટાંકી/સંપ/ ઇન્ટેક સ્ટ્રક્ચર તથા

આસપાસની સફાઇ, WTP/STP તથા આસપાસની સફાઇ, તળાવોના વેસ્ટ વિયરના રીપેરીંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે જેવા કામોનો સમાવેશ કરવાનો રહેશે.

(૩) ડીસીલ્ટીંગને લગતી કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, રાજ્ય સરકારના જાહેર સાહસો, એ.પી.એમ.સી, ધાર્મિક સંસ્થાઓના સહયોગથી હાથ ધરવાની રહેશે.

(૪) ટેરેસ/ વનતળાવ, તળાવોના વેસ્ટવિયરના રીપેરીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરોની મરામત/જાળવણી/સફાઇ ની કામગીરી તથા નદી પુનઃ જીવીત કરવાની કામગીરી, કાંસની સફાઇ, પીવાના પાણીના સ્ત્રોત/ટાંકી/સંપ/ ઇન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઇ, WTP/STP તથા આસપાસની સફાઇ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, કન્ટુર ટ્રેન્ચ, ગેબીયન, ચેકવોલ વગેરે કામો સંબંધિત વિભાગો દ્વારા સંબંધિત વિભાગોના પ્રવર્તમાન નિયમોનુસાર જે તે વિભાગની ગ્રાન્ટમાંથી અભિયાનના સમયગાળા દરમ્યાન હાથ ધરવાની રહેશે.

(૫) નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવાની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, એ.પી.એમ.સી., ધાર્મિક સંસ્થાઓના સહયોગથી અથવા સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવાની રહેશે.

(૬) જીલ્લા કક્ષાએ એન.જી.ઓ./સંસ્થાઓની યાદી સંબંધિત જીલ્લાના કલેકટરશ્રીએ તૈયાર કરવાની રહેશે.

(૭) જીલ્લા કક્ષાએ આખરી કરાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ/ધાર્મિક સંસ્થાઓ/ ઉદ્યોગ ગૃહો /રાજ્ય સરકારશ્રીના જાહેર સાહસોને કલેકટરશ્રી દ્વારા કામગીરી સોંપવાની રહેશે.

(૮) સુજલામ સુફલામ જળ અભિયાન ૨૦૨૧ માટે જળસંપત્તિ વિભાગે તમામ જીલ્લાઓના કલેકટરશ્રી દ્વારા આખર કરેલ કામોના માસ્ટર પ્લાનની વહીવટી મંજુરી મેળવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(અ) તમામ જીલ્લાઓના નોડલ અધિકારીશ્રી અંગેના હુકમ જળસંપત્તિ વિભાગ દ્વારા કરવાના રહેશે તથા અન્ય સંબંધીત વિભાગોના જીલ્લા કક્ષાના સબ નોડલ અધિકારી નિમવાની કાર્યવાહી સંબંધિત જીલ્લાના કલેકટરશ્રીએ કરવાની રહેશે.

(બ) સુજલામ સુફલામ જળ અભિયાનના માસ્ટર પ્લાન તથા કામગીરીની રોજે રોજની માહીતી wrd.guj.nic.in/SSJA પર મુકવાની કાર્યવાહી સંબંધીત વિભાગના જીલ્લા સબ નોડલ અધિકારી દ્વારા કરવાની રહેશે.

(૯) આ અભિયાન હેઠળ માસ્ટર પ્લાન મુજબ મંજુરી અપાયેલ કામો હાથ ધરવાના રહેશે. આમ છતાં જરૂર જણાયે કલેક્ટરશ્રીની અધ્યક્ષતા હેઠળની સમિતિ દ્વારા વધારાના કામો અંગે નિર્ણય લઇ શકાશે, જેની જાણ જળસંપત્તિ વિભાગને કરવાની રહેશે.

(૧૦) જીલ્લામાં નક્કી કરાયેલ કામોની કામગીરી સંબંધિત જીલ્લાના કલેકટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓના સંકલનમાં હાથ ધરવાની રહેશે. કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળ સંબંધિત વિભાગના જીલ્લા કક્ષાના અધિકારીશ્રીઓની અમલીકરણ સમિતિની રચના કરવાની રહેશે. જળસંપત્તિ વિભાગના નોડલ અધિકારીશ્રી સમિતિના સભ્ય સચિવશ્રી રહેશે અને થયેલ કામગીરીની સમયાંતરે સમીક્ષા કરવાની રહેશે. તાલુકા કક્ષાએ નાયબ કલેકટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીના સંકલનમાં અમલીકરણ કરાવવાનું રહેશે.

(૧૧) જે સંસ્થાઓ સંપૂર્ણ રીતે તેમના ખર્ચે કામગીરી કરવા માગતા હોય તે કામો માટે તાંત્રિક રીતે શક્ય હોય ત્યાં સુધી જથ્થા અંગે કોઇ મર્યાદા રહેશે નહીં તથા તેમની કામગીરી સુચારૂ રીતે પૂર્ણ થાય તે માટે સરકારશ્રી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે.

(૧૨) (અ) "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળની લોક ભાગીદારીથી હાથ ધરવાના થતા કામોની કામગીરી માટે માટી/મુરમ ખોદાણના ભાવો રૂ. ૩૦=૦૦ પ્રતિ ઘનમીટર રહેશે. જે સ્વૈચ્છિક સંસ્થાઓ લોકભાગીદારીથી કરવાની કામગીરી સરકારશ્રીની સહાયથી કરવા માગતી હોય તેઓને કામની કિંમતના ૬૦% રકમ સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવશે અને બાકીની ૪૦% રકમ સંસ્થાએ પોતે ભોગવાની રહેશે.

(બ) સોફ્ટ રોકમાં કામગીરી કરાવવાની થાય તે કિસ્સામાં જે તે જીલ્લાના સિંચાઇ વિભાગની વિભાગીય કચેરી દ્વારા નક્કી કરાયેલ યુનિટ રેટ ગણતરીમાં લેવાનો રહેશે અને તેમાં પણ ઉપર મુજબ ૬૦:૪૦ ના ગુણોતરમાં ચુકવણુ કરવામાં આવશે.

(૧૩) જ્યાં સરકારી ખરાબાની જમીન જરુરી પ્રમાણમાં ઉપલબ્ધ હોય ત્યાં પાણીના આવરા બાબતની ખરાઇ કરી તળાવ માટેની જમીન માટે ૭/૧૨માં તબદિલ કરવાની કામગીરી પૂર્ણ કરીને જીલ્લાવાર નવા તળાવના બાંધકામ કરવા અંગે કલેકટરશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧૪) જ્યાં સ્વૈચ્છિક સંસ્થાઓનો તેમજ લોકફાળો પુરતા પ્રમાણમાં મળી રહેતો હોય ત્યાં જરુરીયાત અનુસાર મોટા કામો પણ લઈ શકાશે.

(૧૫) "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ લોકભાગીદારીથી હાથ ધરાયેલ કામો અન્વયે કામગીરીમાં થયેલ માટીકામના જથ્થા મુજબ ચુકવણું કરવાનું હોવાથી કામના માપો લંબાઇ X પહોળાઇ X ઊંડાઇ (LBD) મુજબ લેવાના રહેશે.

(૧૬) સિંચાઇ વિભાગના તાંત્રિક અધિકારીશ્રીઓ જળ અભિયાનમાં સંકળાયેલ હોવાથી તથા મોટી સંખ્યામાં એક સાથે કામો ચાલુ હોવાથી અને ટૂંકા સમયગાળામા વ્યાપક કામગીરી કરવાની થતી હોઈ "સુજલામ સુફલામ જળ અભિયાન" હેઠળ ફક્ત લોકભાગીદારીથી હાથ ધરાયેલ કામો અન્વયે થયેલ કામગીરીના માપો લંબાઇ X પહોળાઇ X ઉંડાઇ (LBD) મુજબ લેવાની કામગીરીમાં, કલેકટરશ્રીએ તેમના જિલ્લાના અન્ય વિભાગોના તાંત્રિક અધિકારીશ્રીઓ મ.ઇ.શ્રી/અ.મ.ઇ.શ્રીને કામોની યાદી સાથે માપો લેવાનાં હુકમો કરવાના રહેશે. સંબંધિત તાંત્રિક અધિકારીશ્રીઓએ (મ.ઇ./અ.મ.ઇ.) માપપોથીમાં માપો લખવાના રહેશે. કામોના માપ અલગ માપપોથીમાં લખવાના રહેશે. આ માપપોથીઓમાં "સુજલામ સુફલામ જળ અભિયાન" સિવાયના અન્ય કોઇ પણ કામોના માપ લખવાના રહેશે નહી. માપપોથીમાં લખાયેલ માપોના આધારે સંબંધિત મ.ઇ./અ.મ.ઇ. દ્વારા કામનુ બીલ બનાવીને કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બનાવેલ જિલ્લા કક્ષાના અધિકારીઓની અમલીકરણ સમિતીને રજુ કરવાનુ રહેશે. કલેકટરશ્રીની સમિતી દ્વારા મંજુરી મળ્યા બાદ કામના સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીશ્રીએ તેમના વિભાગની ગ્રાન્ટમાંથી ચુકવણુ કરવાનુ રહેશે.

(૧૭) હયાત તળાવોના વેસ્ટ વિયરની મરામત તથા ચેકડેમ મરામતના કામો માટે જુદી જુદી આઇટમોના જીલ્લાવાર યુનીટ રેટ સિંચાઇ વિભાગની વિભાગીય કચેરી દ્વારા મંગાવીને મંજુર કરવાના રહેશે. તેના આધારે રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર/રજીસ્ટર્ડ મંડળી મારફતે નિયત નમુનામાં એગ્રીમેન્ટ કરી કામો કરાવી શકાશે.